રાજ્યમાં કોરોના નવા ૧૧૫૩ કેસ

આજે રાજ્યમાં ૨૬૭૦૪ ટેસ્ટ કરવામાં આવ્યા : છેલ્લા ૨૪ કલાકમાં ૨૩નાં મોત થયા : આજે ૪૮૩૫૬૯ લોકોને ક્વોરેન્ટાઈન કરનામાં આવ્યા અત્યાર સુધી ૪૪૯૦૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા

ગાંધીનગર,તા.૩૧

રાજ્યમાં જુલાઈ માસમાં પાંચમી વાર કોરોના પોઝિટિવનો આંકડો ૧૧૦૦ને પાર થયો છે, રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૬૭૦૪ ટેસ્ટ કરવામાં આવતા ૧૧૫૩ કેસ નોંધાયા હતા. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૬૧ હજારને પાર થઈ ૬૧૪૩૮ થયો છે. રાજ્યમાં ૨૩ મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૪૪૧ થયો છે. રાજ્યમાં આજે ૮૩૩ દર્દીઓ ડિસ્ચાર્જ કરવામાં આવતા કુલ ૪૪૯૦૭ દર્દીઓ ડિસ્ચાર્જ થયા છે. રાજ્યમાં આજે એક્ટિવ કેસનો આંકડો ૧૪ હજારને પાર થઈ ૧૪૦૯૦ થયો છે. જેમાં ૮૧ વેન્ટીલેટર પર અને ૧૪૦૦૯ સ્ટેબલ છે. જુલાઈ માસના અંતિમ દિવસે આજે પણ કોરોના પોઝિટિવનો આંકડો ૧૧૦૦ને પાર થયો છે. રાજ્યમાં ૧૦મી જુલાઈએ કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૪૦ હજારને પાર થયો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ આજે કોરોનાના લીધે ૨૪ કલાકમાં ૨૩ મોત થયા છે. સુરત શહેરમાં ૭ અને ગ્રામ્યમાં ૪, અમદાવાદ શહેરમાં ૪, રાજકોટમાં ૨, વડોદરા શહેરમાં ૨, જુનાગઢ, ખેડા, મહેસાણા અને વડોદરા ગ્રામ્યમાં ૧-૧ મોત કોરોનાને લીધે થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૦ અને ગ્રામ્યમાં ૩૬ સાથે ૧૭૬ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૨૬૫૧૭ થયો છે. જ્યારે વધુ ૪ મોત સાથે ૧૫૯૩ કુલ મોત અમદાવાદમાં નોંધાયા છે. સુરત શહેરમાં ૨૧૯ અને જિલ્લામાં ૬૫ સાથે ૨૮૪ કોરોનાના કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતનો આંકડો ૧૩ હજારને પાર થઈ ૧૩૦૬૯ થયો છે. આજે વધુ ૧૧ મોત સાથે મોતનો કુલ આંકડો સુરતમાં ૪૦૦ પર પહોંચ્યો છે. વડોદરા શહેરમાં ૮૦ અને જિલ્લામાં ૧૪ સાથે ૯૪ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો વડોદરામાં ૪૬૫૨ થયો છે. આજે વધુ ૩ મોત સાથે કુલ ૧૦૩ મોત થયા હતા. ગાંધીનગર શહેરમાં ૧૫ અને જિલ્લામાં ૨૫ સાથે ૪૦ કેસ કોરોના પોઝિટિવના નોંધાયા છે. આ સાથે કોરોના સંક્રમિતનો આંકડો ૧૪૮૩ થયો છે.

રાજકોટ શહેરમાં ૪૮ અને ગ્રામ્યમાં ૩૧ સાથે કુલ ૭૯ કોરોનાના કેસ નોંધાયા છે. મહેસાણામાં ૪૦, સુરેન્દ્રનગરમાં ૩૬, જામનગર શહેરમાં ૩૩ અને ગ્રામ્યમાં ૯, મોરબીમાં ૨૯ અમરેલી અને વલસાડમાં ૨૬-૨૬, ભાવનગર શહેરમાં ૨૪ અને ગ્રામ્યમાં ૨૩, ભરુચ અને પંચમહાલમાં ૨૧-૨૧, કચ્છમાં ૨૦, ગીર સોમનાથ અને નવસારીમાં ૧૬-૧૬, બનાસકાંઠા, દાહોદ અને ખેડામાં ૧૪-૧૪ જુનાગઢ શહેરમાં ૧૩ અને જિલ્લામાં ૯, પાટણમાં ૧૩, મહિસાગરમાં ૧૨, આણંદ અને સાબરકાંઠામાં ૧૧-૧૧ નર્મદા અને પોરબંદરમાં ૯-૯, બોટાદમાં ૪, અરવલ્લી અને તાપીમાં ૨-૨, અન્ય રાજ્યમાં ૫ કેસ નોંધાયા છે.

ગલોડિયા ગામે લીલુડા વનની પરિકલ્પના સાકાર કરવા

જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ દ્વારા ૧૦૨૪ વૃક્ષો ઉછેરનો બીલીપત્ર વૃક્ષ વાવી પ્રારંભ કર્યો

વૃક્ષારોપણ કરી સોશિયલ ડિસ્ટન્સ સાથે મનરેગાના શ્રમિકોને જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના હસ્તે માસ્કનું વિતરણ કરાયું

ખેડબ્રહ્મા, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના ગલોડિયા ગ્રામ પંચાયતની જમીનમાં ખુલ્લા પ્લોટમાં લીલુડા વન અને ઝડપી આવક સાથે ગ્રામજનોને રોજગારી સાથે ફળાઉ તેમજ ઈમારતી લાકડું મળે તે આવકમાંથી ગ્રામ પંચાયત આવક મેળવીને ગામના વિકાસ કામો કરીને સ્વાવલંબી બને સમૃદ્ધ બને તેવા ઉમદા હેતુસર જિલ્લા કલેક્ટર સી.જે. પટેલના હસ્તે પવિત્ર શ્રાવણ માસમાં બીલીપત્રના છોડનું વાવેતર કરી ૧૦૨૪ વૃક્ષોના પ્લોટમાં વૃક્ષ વાવેતર અને ઉછેરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેન્દ્ર પટેલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક ડામોર તથા સામાજિક વનીકરણ વિભાગના અધિકારી દ્વારા વૃક્ષ રોપીને તથા શ્રમિકોને માસ્કનું વિતરણ કરીને મહામારીથી બચવા સોશિયલ ડિસ્ટન્સ જાળવવા અપીલ કરી હતી. સાથે જે આજે વૃક્ષો વાવીએ છીએ તેનું જતન કરી હરિયાળા બનાવવાની હિમાયત કરી હતી.

આ પ્રસંગે ગામના સરપંચ વિનોદભાઈ પટેલ દ્વારા જિલ્લા કલેક્ટરને વિગતો આપતા જણાવ્યું હતું કે સામાજીક વનીકરણ યોજના અન્વયે વર્ષ ૨૦૧૨માં આઠ હેક્ટર ૨૦૧૪માં ૧૨ હેક્ટર અને ૨૦૧૭માં છ હેક્ટર જમીનમાં નીલગિરિનાં વૃક્ષોનું વાવેતર કર્યુહતું જયારે ચાલુ સાલે જાપાનની મિયાવાકી પદ્ધતિથી ૨૦૪૨૦ ના ક્ષેત્રફળમાં રોપાઓનો ઉછેર કરવામાં આવશે. જેમાં સેન્દ્રીય ખાતર નાળિયેરના છોતરા, માટી, ઘઉંનું ભુસુ ડાંગરનું પરાળ આ ક્યારાઓમાં પાથરવામાં આવે છે અને પછી રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે. સમાયંતરે પાણીનો છંટકાવ કરવાની જાપાનની આ મિયાવાકી વૃક્ષઉછેર પદ્ધતિથી છોડનો ઝડપી વિકાસને ઝડપી ઉપજ મળતી થશે. જેના લીધે ગ્રામ પંચાયતની આવકમાં વધારો થશે અને નવિન વિકાસના કાર્યો હાથ ધરાશે. વધુમાં તેમણે ઉમેર્યુ હતું કે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા અમલી પ્રોજેક્ટમાં મનરેગા યોજના હેઠળ શ્રમિકોને પાણી છાંટવા, રોપાઓની માવજત અને ચોકીદારી થકી માણસોની કાયમી રોજી મળતી થશે.

ગલોડીયાને હરીયાળા બનાવવાની વાત કરતા સરપંચે કહ્યુ હતું કે ગ્રામ પંચાયતમાં ૭૨ હેક્ટર ગૌચર જમીન છે જે પૈકી ૧૫ હેક્ટર ખુલ્લી જમીન છે જે નદી કિનારાનો વિસ્તાર છે જેના થકી વૃક્ષ નો ઝડપી વિકાસ થાય છે અમે વધુ વૃક્ષો વાવીને આપણા વિસ્તારને હરિયાળુ કરવા અમે સંકલ્પબદ્ધ છીએ. વનવિભાગ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સહકારથી આજે અમે સુંદર રીતે વૃક્ષ ઉછેર અને વાવેતર કરી રહ્યા છીએ.

બનાસકાંઠામાં ૨ દિવસમાં કોરોનાના ૪૩ કેસ

કુલ આંક ૮૫૦ કરતા પણ વધુ, ૪ના કોરોનાથી મોત : કુલ મૃત્યુ આંક ૪૭ પર

પાલનપુર, તા.૩૧

બનાસકાંઠા જિલ્લામાં સતત વધી રહેલા કોરોના વાયરસના કારણે આજે વધુ ૪ દર્દીઓના પાલનપુર અને ડીસા ખાતે મોત નિપજ્યા છે. જ્યારે ૨ દિવસમાં ૪૩ કેસ પોઝિટિવ સામે આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ તેનો કહેર વર્તાવી રહ્યો છે. સતત બજારોમાં વધી રહેલા લોકોના સંક્રમણના કારણે હાલ બનાસકાંઠા જિલ્લામાં સતત કોરોના વાયરસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. જેમાં આજે વધુ ચાર કોરોના પોઝિટિવ દર્દીઓના મોત થયા હોવાની ઘટના સામે આવી છે. બનાસકાંઠા જિલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. ૩૦ થી ૪૦ જેટલા નવા કેસો સામે આવી રહ્યા છે અને કોરોના વાયરસ દર્દીઓની સંખ્યા અત્યાર સુધી ૮૫૦ પર પહોંચી ગઇ છે જેમાં ગુરૂવારે વધુ ચાર કોરોના પોઝિટિવ દર્દીઓના મોત થયા છે. પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન ત્રણ દર્દીઓ જ્યારે ડીસા ની કોવિડ હોસ્પિટલમાં પણ એક દર્દીનું સારવાર દરમિયાન મોત થતાં કુલ ચાર દર્દીઓના મોત થયા છે તે સાથે જ બનાસકાંઠા જીલ્લાની અંદર કોરોના પોઝિટિવ દર્દીઓનો મોતનો આંક ૪૭ પર પહોંચ્યો છે.

ખાસ કરીને ૫૦ વર્ષથી વધુ ઉંમરના લોકો કોરોના નો વધુ શિકાર થઈ ગયા છે. સરકારે ઉમર લાયક લોકોને હોમ કોરોન્ટાઇન જ રહેવાની સૂચના આપી હોવા છતાં પણ આવા લોકો બજારમાં યા અન્ય કોઈ રીતે કોરોના વાયરસ ના સંપર્કમાં આવતા જ તેઓ પણ તેનો શિકાર થાય છે અને અન્ય બીમારીઓ હોવાના કારણે તેઓનું મોત થયું હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

કોરોનના કહેર વચ્ચે બેંક કર્મચારીયોના વહારે આવતું અરવલ્લી જિલ્લાનું આયુર્વેદિક આરોગ્યતંત્ર

જ્યારે કોરોનનો ભરડો દુનિયાને અને ભારત વર્ષને કસી રહ્યો છે ત્યારે રાષ્ટ્રની આર્થિક ધરોહરને ધબકતી રાખવા જિલ્લાના બેંક કર્મચારિયોને ઈમ્યુનિટી જળવાઈ રહે તે માટે ઉકાળા કીટની વ્યવસ્થા જિલ્લાના વિકાસ અધિકારી અનિલ ધામેલિયા અને આયુર્વેદિક વડા ડોકટર પુસ્પાબેન ખરાડીએ બીડું જડપી બેંક કર્મચારીયોને ઉકાળાકીટ વહેચવામાં લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર હરેશ પટેલને સંકલનમાં રહી એક પ્રશંસનીય કામગીરી હાથ ધરી હતી. આ પ્રયોગતા કારણે જિલ્લાનું સમગ્ર બેંકિંગ વર્તુરમાં એક નવો જુસ્સો અને ચેતના જોવા મળી રહી છે જેની વાતો ટોક ઓફ ધ ટાઉન બની રહી છે.

સાયન્સ કોલેજ મોડાસાના અધ્યાપકની સરકારી વિજ્ઞાન કોલેજ થરાદ ખાતે નિમણૂંક

મલા ગાંધી ઉ.કે. મંડલની સર પી.ટી. સાયન્સ કોલેજ મોડાસા ખાતે ભૌતિકશાસ્ત્ર વિષયમાં અઢી દાયકાથી સેવારત પ્રા. ડો. જગદીશ પ્રજાપતિએ શિક્ષણ સેવા વર્ગ-૧ની પરીક્ષા પાસ કરતાં શિક્ષણ વિભાગ દ્વારા સરકારી વિજ્ઞાન કોલેજ થરાદ ખાતે નિમણૂંક થતાં મલા ગાંધી કેળવણી મંડલના પ્રમુખ, મંત્રી સહિત સર્વે હોદ્દેદારો, કેમ્પસના આચાર્યો, અધ્યાપકો, શિક્ષકો બંધુઓ, પત્રકારો, વિદ્યાર્થીઓ, સહૃદયી મિત્રો, વેપારીબંધુઓ, વિવિધ સામાજિક સંસ્થાના અગ્રણીઓ, એબીવીપી ભારત વિકાસ પરિષદ, શૈક્ષિક સંઘ અરવલ્લી, વિદ્યા ભારતી મોડાસાના અગ્રણીઓ તેમજ રાજકીય અગ્રણીઓએ અભિનંદનની વર્ષા કરી હતી. તેમની રાહબરીમાં એનએસએસ યુનિટને સમગ્ર રાજ્યમાં શ્રેષ્ઠ યુનિટનો એવોર્ડ પ્રાપ્ત થયેલ હતો. મેંગલોર ખાતે રાજ્ય એનએસએસ ટીમનું નેતૃત્વ કર્યુ હતું. ઉપરાંત વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસ, કારકિર્દી માર્ગદર્શન, વિવેકાનંદ કેન્દ્ર, વકતૃત્વ, વિશ્વયોગ દિવસ, મતદાન જાગૃતિ, સ્પોર્ટ્સ, સાંસ્કૃતિક કાર્યક્રમ, પર્યાવરણ જેવી અનેક પ્રવૃતિઓમાં તેઓએ નેતૃત્વ પુરૂ પાડેલ છે. રાષ્ટ્રીય વિચારધારાના રંગે ઓતપ્રોત પ્રો. જગદીશ પ્રજાપતિએ મોડાસા પ્રદેશમાં સામાજિક સેવાકાર્યો થકી અપાર ચાહના મેળવી હતી. તેઓની આ નિમણૂંકને સૌએ આવકારી શુભેચ્છાઓ પાઠવી હતી.

વધુ ૨૭ કેસ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવ્યા છે. જેમાં એક મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. રાંધેજામાંથી ૬૨ વર્ષીય સ્ત્રી, ૨૪ વર્ષીય પુરૂષ અને ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગરને અડીને આવેલ પેથાપુર જે કોરોના માટે હોટસ્પોટ બની ચુક્યુ છે ત્યાંથી પણ આજે ૩ કેસ મળ્યા છે. એક ૬૦ વર્ષીય પુરૂષ, ૫૬ વર્ષીય પુરૂષ અને ૩૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

નવા પાલજ ગામેથી આજે એક ૧૧ વર્ષનો દિકરો અને ૪૦ વર્ષની સ્ત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. અડાલજમાંથી પણ ૩૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કુડાસણમાંથી ૬૦ વર્ષીય પુરૂષ, રાયસણમાંથી એક ૮૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાયસણની મહિલા કેવી રીતે સંક્રમિત થઈ તેને લઈ તંત્રએ વિગતો એકત્ર કરવાની કામગીરી હાથ ધરી છે.

આ ઉપરાંત ઉનાવામાંથી એક ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જમિયતપુરા ગામેથી આજે બે નવા કેસ મળ્યા છે. જેમાં એક ૩૮ વર્ષીય પુરૂષ અને ૨૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તંત્રએ આ ગામમાં સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે.

ખોરજમાંથી પણ આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલા અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. ખોરજમાંથી એક ૫૪ વર્ષીય પુરૂષ, ૪૯ વર્ષીય મહિલા અને ૨૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઉવારસદ ગામેથી પણ આજે વધુ બે કેસ મળી આવ્યા છે. જેમાં એક ૩૪ વર્ષીય પુરૂષ અને ૩૨ વર્ષીય પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરની આસપાસ સેમી અર્બન વિલેજ તરીકે વિકસેલા વિસ્તારોમાં જે રીતે કેસો મળી રહ્યા છે તે તંત્ર દ્વારા આ વિસ્તારોમાં આરોગ્યની સેવાઓ સઘનીકરણ કરવાની વાતોની પોકળતા છતી કરે છે. આ વિસ્તારોમાં સર્વેલન્સ માટેની કામગીરીને પણ સઘન બનાવવાની સૂચના આપી છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી આજે ૩ કેસ અને કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી બે કેસ મળી આવેલ છે. કલોલ અર્બન-૨ માં એક ૬૨ વર્ષીય મહિલા તેમજ ૬૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત કલોલ સાંતેજમાંથી એક ૯૨ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધા કેવી રીતે સંક્રમિત થયા તેની વિગતો તંત્ર દ્વારા મેળવવામાં આવી રહી છે.

દહેગામમાંથી પણ આજે વધુ ૨ કેસ મળી આવ્યા છે. આ બન્ને કેસ અર્બન વિસ્તારમાંથી મળ્યા છે. જેમાં એક ૪૦ વર્ષીય પુરૂષ અને એક ૬૦ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

આ બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે આજે વધુ ૧૬ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તે જોતાં ૧૧૦૦ નો આંક પણ એકાદ બે દિવસમાં પાર થઈ જશે.

છેલ્લા ચાર દિવસમાં જ ૧૨૦ જેટલા કેસ નોંધાયા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. આ સૂત્રોના જણાવ્યા પ્રમાણે હાલ ૨૨૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ૪૪ દર્દીઓ જે હોમ આઈસોલેશન હેઠળ સારવારમાં છે તેમનો પણ સમાવેશ થાય છે. જિલ્લામાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ૭૩૭ દર્દીઓ સંપૂર્ણ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોની સંખ્યા ૧૦૪૭ છે.

જિલ્લામાં આજે ૧૮ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

૧૫ કેસ નોંધાયા ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોમ્યુનીટી ટ્રાન્સમિશન જે થઈ રહ્યુ છે તેને કેવી રીતે નિયંત્રિત કરવુ તેને લઈ તંત્રએ વિચારણા હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે સચિવાલયમાં ડ્રાયવર તરીકે નોકરી કરતા અને સે. ૧૭ માં રહેતા એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામમાંથી એક ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે આ મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. મહિલા દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૧ માં રહેતા અને ઓનલાઈન બિઝનેશ સાથે સંકળાયેલ એક ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ દર્દીના પરીવારના સાત સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

મહિલા પોલીસ કોન્સ્ટેબલ તરીકે કોરોના વોરિયર્સની ભૂમિકા ભજવતી અને સે. ૨૭ માં રહેતી મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા કોન્સ્ટેબલે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સેક્ટર-૨૨ માં માતા-પુત્રનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. મળતી વિગતો પ્રમાણે ૫૮ વર્ષીય મહિલા જે ટ્રેઝરી ઓફિસમાં નોકરી કરે છે તેનો અને તેનો પુત્ર જે ૧૬ વર્ષનો છે અને અભ્યાસ કરે છે તે બન્નેના રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા છે. આ દર્દીના પરિવારના અન્ય બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સેક્ટર-૨૬ માંથી પણ આજે બે કેસ મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે કલોલ નાગરિક બેંકમાં ક્લાર્ક તરીકે નોકરી કરતા ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારની એક વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૬ માં રહેતા અને રિદ્ધિ મોટર્સમાં કામ કરતા એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

એરફોર્સમાં નોકરી કરતા એક ૫૨ વર્ષીય પુરૂષ જે સે. ૧૩ માં રહે છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને અમદાવાદની મિલેટ્રી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૩ માંથી જ એક નિવૃત્ત કર્મચારી જે ૬૫ વર્ષની વયના છે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શિક્ષિકા તરીકે નોકરી કરતી અને સે. ૨૫ માં રહેતી એક ૪૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ મહિલા દર્દીના પરિવારમાં ૮ સભ્યો છે તેમને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ગાંધીનગર શહેર માટે અત્યંત સંવેદનશીલ ગણાતા સે. ૨૪ માંથી આજે ૩ કેસ નોંધાતાં તંત્રની ચિંતા વધી છે. સમગ્ર શહેરમાં વસ્તીનું ભારણ અહિ સૌથી વધુ છે. થોડા દિવસના વિરામ બાદ સે. ૨૪ માં પુનઃ કોરોનાએ દેખા દેતાં તંત્રની ચિંતા વધી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૪ માં એક ૮૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધે પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ વૃદ્ધના પરિવારના ૮ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં જ એક ૭૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વદ્ધાએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. વૃદ્ધના પરિવારના ૮ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ માં એક ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના પાંચ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૧૩ છાપરામાં રહેતા અને કડિયા કામ કરી રોજગારી મેળવતા એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

શહેરમાં વધતા જતા કેસોને લઈ તંત્રની ચિંતા વધી છે તેમજ લોકોના આરોગ્યની ચકાસણીને સઘન બનાવવા માટે ધન્વન્તરી રથની સંખ્યા પણ વધારી છે અને સઘન સર્વેલન્સ હાથ ધરેલ છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધીને ૧૯૦ ને પાર કરી ગઈ છે. તંત્રએ ટેસ્ટીંગની સંખ્યામાં વધારો કર્યો છે એટલુ જ નહિ વધુ વય ધરાવતા વયસ્કો બહાર જવાનુ ટાળે તેવી અપીલ પણ કરી છે. છેલ્લા એક સપ્તાહમાં ૫૦ થી વધુ વય ધરાવતા દર્દીઓ મોટી સંખ્યામાં નોંધાયા છે તે પણ તંત્રની ચિંતામાં વધારો કરતુ પરિબળ હોવાનુ જાણવા મળેલ છે.

આ સાથે એક જ સપ્તાહમાં બીજીવાર ૧૫ કેસ એક જ દિવસમાં નોંધાયા છે. જે નોંધનીય છે.

કોરોના વકર્યો ● અનુસંધાન પહેલાનું ચાલુ

પર પહોંચી ગઈ છે. સાજા થનારાઓની સંખ્યા પણ ૧૦ લાખને પાર ૧૦,૫૯,૦૯૩ થઈ છે અને ૭૮૬ના મોત સાથે મૃત્યુઆંક ૩૬ હજારની નજીક એટલે કે ૩૫,૭૮૬ પર પહોંચી ગયો છે.નોંધનીય છે કે મન કી બાત કાર્યક્રમમાં ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને ચેતવણી આપી હતી કે કોરોના મહામારીમાં હજુ અગાઉ જેવી જ પરિસ્થિતિ છે અને લોકડાઉનના નિયમોનું પાલન કરવું પડશે.

સૂત્રોએ કહ્યુ કે, દુનિયાભરના તમામ દેશોની સાથે-સાથે હવે ભારતમાં પણ કોરોના વાયરસનો ફેલાવો પૂર ઝડપે વધી રહ્યો હોય તેમ . મહામારી શરૂ થયાના આટલા મહિના પછી પણ કેસો ઘટવાનું નામ લેતા નથી. દેશમાં પહેલી વખત એક જ દિવસમાં ગુરૂવારે કોરોનાના ૫૫૦૭૮ નવા કેસ નોંધાતા કુલ આંકડો ભયજનક સપાટીની નજીક જઈ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારના રોજ દેશમાં કોરોના વાયરસના કુલ કેસ વધીને સંક્રમણનો કુલ આંકડો ૧૬ લાખને પાર થઈ ગયો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોનાના ૫૫૦૭૮ કેસ નોંધાતા કુલ કેસ ૧૬૩૮૮૭૦ થઈ ગયા છે. બીજી તરફ, ઈન્ડિયલ કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૩૦ જુલાઈ સુધીમાં દેશમાં કુલ ૧,૮૮,૩૨,૯૭૦ સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. માત્ર ગુરુવારની વાત કરીએ તો એક જ દિવસમાં ૬,૪૨,૫૮૮ સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

એનપીએમાં ● અનુસંધાન પહેલાનું ચાલુ

ખાસ કરીને કોર્પોરેટ સેક્ટરમાં ડિફોલ્ટ અને ડાઉનગ્રેડને કારણે એનપીએમાં ઘટાડો થયો છે. ૨૦ માર્ચે એલઆસીની એનપીએ ૩૬,૬૯૪.૨૦ કરોડ રૂપિયા હતી જે ગયા વર્ષે ૨૪,૭૭૨.૨ કરોડ રૂપિયા હતી. આ ઉપરાંત ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી એલઆઈસીની એનપીએ વધીને ૩૦,૦૦૦ કરોડ સુધી પહોંચી ગઈ હતી.

સૌથી પહેલા ● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું હતું કે હજી ચર્ચા ચાલી રહી છે કે વૃદ્ધોને કે પછી જે લોકોને રોગ છે અથવા તો સમાજના વંચિત અને ગરીબ વર્ગના લોકોને કોરોનાની વેક્સીન મળવી જોઈએ કેમ કે ગરીબી અને કુપોષણના કારણે તેમની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય છે. આમ ઘણા બધા પ્રશ્નો છે જેના પર સરકાર વિચાર કરી રહી છે. નીતિ આયોગના સભ્ય અને કોવિડ-૧૯ નેશનલ ટાસ્કફોર્સના ભાગ રહેલા વી.કે પૌલે પણ કહ્યું છે કે જો કોરોનાની રસી તૈયાર થઈ જશે તો કયા લોકોને આ રસી પહેલા મળવી જોઈએ તેને લઈને પોલિસી બનાવી રહેલા લોકોમાં તેની ચર્ચા ચાલી રહી છે. તેમણે કહ્યું હતું કે સરકાર માટે તમામ લોકો એકસમાન છે. અમે એવી પરિસ્થિતિનો સ્વીકાર કરી શકીએ નહીં જ્યાં અમીરોને વેક્સીન મળી જાય અને ગરીબોને ન મળે. આ અસ્વીકાર્ય છે. અમે તેનો યોગ્ય ઉકેલ લાવીશું. અમે હાલમાં કયા ગ્રૂપને પ્રાથમિકતા મળવી જોઈએ તેના વિશે કામ કરી રહ્યા છીએ. ઈન્ડિયન મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ (આઈસીએમઆર)ના ડાયરેક્ટર જનરલ બલરામ ભાર્ગવે જણાવ્યું હતું કે એક વખત